## સંક્ષિપ્ત સમાચાર

### અંકલેશ્વર રંગ ઇન્ટરનેશનલ સ્કૂલમાં બાળ પ્રદર્શની યોજાઇ



ભરૂચ: અંકલેશ્વરમાં રંગ ઇન્ટરનેશનલ સ્કૂલમાં વિદ્યાર્થીઓના પ્રોજેક્ટ માટે બાળ પ્રદર્શની-2024નું આયોજન કરાયું હતું. ગણિત, વિજ્ઞાન અને ભાષા જેવા વિષયોમાં વિદ્યાર્થીઓની રુચિ વધારવા અને આ વિષયોને સરળતાથી મળી શકે એ માટે રાખવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનું ઉદ્ઘાટન અંકલેશ્વર તાલુકાના પ્રાથમિક શિક્ષણાધિકારી સજ્જનસિંહ ચૌહાણ અને અખિલ ભારતીય કોળી પટેલ સમાજ, ભરૂચના પ્રમુખ મગનભાઇ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન પ્રસંગે બંને મહાનુભાવોએ વિદ્યાર્થીઓના ઉત્સાહપૂર્વક કાર્યની ખૂબ પ્રશંસા કરી હતી. બાળ વિજ્ઞાનીઓને જોતાં ભવિષ્યમાં રંગ ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ વૈજ્ઞાનિક બનશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

### વીર નર્મદ યુનિ.ની કબડ્ડી ટીમમાં બારડોલીના ખેલાડીની પસંદગી



બારડોલી: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કબડ્ડી (ભાઇઓ)ની ટીમ પસંદગી એમ.કે.કોમર્સ કોલેજ ભરૂચ મુકામે આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પી.આર. બી.આટ્ર્સ એન્ડ પી.જી.આર કોમર્સ કોલેજ બારડોલીનો ખેલાડી કેવિન સંજયભાઇ ચૌધરી (ટી.વાય બી.એ. -૨૧૫) યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામ્યા છે. હવે તેઓ તારીખ ૦૮-૧૦-૨૦૨૪ થી તારીખ ૧૬-૧૦-૨૦૨૪ સુધી ભરૂચ મુકામે યુનિવર્સિટીનાં કેમ્પમાં વધુ તાલીમ લઈ તારીખ ૧૯-૧૦-૨૦૨૪ થી ૨૩-૧૦-૨૦૨૪ દરમિયાન શ્રી જે.જે. ટી.યુનિવર્સિટી, ઝુંઝુનુ (રાજસ્થાન) મુકામે યોજાનાર ઓલ ઇન્ડીયા (વેસ્ટ ઝોન)ઇન્ટર યુનિવર્સિટીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનું પ્રતિનિધિત્વ કરશે. કેવિન સંજયભાઇ ચૌધરીની આ સિદ્ધિને કોલેજના કાર્યકારી આચાર્ય ડો.વિક્રમભાઇ જી.ચૌધરી, જીમખાના સમિતિનાં અધ્યક્ષ પ્રા.ચિરાગભાઈ પી.દેસાઈ સહિત તમામ જીમખાના સમિતિનાં સભ્યોએ તેમજ કોલેજ પરીવાર તરફથી હાર્દિક અભિનંદન આપી રાષ્ટ્રીય સ્પર્ધા માટે શુભેચ્છા પાઠવી હતી.

### મહિલાઓની સુરક્ષા નહીં થતાં ભરૂચમાં આપનું આવેદન

ભરૂચ: રાજ્યમાં મહિલાઓ પર અત્યાચાર વધી રહ્યા હોવાના આક્ષેપ સાથે ભરૂચ જિલ્લા આમ આદમી પાર્ટી દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર ગુજરાતમાં મહિલા દુષ્કર્મના બનાવો વધી રહ્યા છે. જસદણ હોસ્ટેલ કાંડ, દાહોદ બાળકીની હત્યા, મહેસાણા બુટલેગર દ્વારા બળાત્કાર, મોડાસા, સુરેન્દ્રનગર અને હવે વડોદરામાં ૧૬ વર્ષની બાળકી સાથે સામૂહિક બળાત્કાર અને ભરૂચમાં બાળકી ઉપર બળાત્કાર જેવી ઘટનાએ ગુજરાતમાં મહિલા સુરક્ષાની ચિંતા વધારી દીધી છે. ત્યારે ગુજરાત સરકાર અને ગૃહમંત્રી કાયદો વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ ગયા હોવાના આક્ષેપ સાથે ગૃહમંત્રી રાજીનામું આપે એવી માંગ કરવામાં આવી છે.

### સોનગઢના નયનદીપ કોમ્પ્લેક્સમાં ફ્લેટ પચાવી પાડનાર દંપતી વિરુદ્ધ ફરિયાદ

વ્યારા: સોનગઢના નયનદીપ કોમ્પ્લેક્સ ફ્લેટ નં.૩૦૯ સિટી સરવે નં.૩૧/૨૯૧૫ ભાડાથી રહેવા આવેલા સમીના ઉર્ફે મુન્ની રમઝાન પટેલની પત્ની તથા તેનો પતિ રમઝાન પટેલે શરૂઆતમાં એક-બે મહિના સુધી રૂ.૩૦૦૦ આપી બાદમાં કોઇને કોઇ બહાના કરી ભાડું આપવાનું બંધ કરી દીધું હતું. ફ્લેટ ખાલી કરવા જણાવવા છતાં ફ્લેટ ખાલી કરતા ન હોવાથી તા.૫/૧૦/૨૦૨૪ના રોજ બપોરે આશરે અગિયારેક વાગ્યે તેમનો સામાન કાઢીને ફ્લેટની બાજુમાં મૂકી તાળું મારી ફ્લેટ માલિકે તેનો કબજો લઈ લીધો હતો. તેમ છતાં સમીના ઉર્ફે મુન્ની પટેલ તથા તેના પતિ રમઝાન પટેલે આ ફ્લેટનું તાળું તોડી ફ્લેટનો કબજો કરી ફ્લેટ માલિકને ગમેતેમ ગાળો આપી હવે ફ્લેટ ભૂલી જાવ. ફરીવાર અહીં આવવું નહીં. જો આ ફ્લેટ નજીક દેખાય તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ મામલે મકાનમાલિક ઇનુસ મુનાફ પટેલ (ઉં.વ.૪૦)(રહે.,સુંદરનગર, રેલવે સ્ટેશન રોડ ફોર્ટ સોનગઢ)એ આ દંપતી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

### વ્યારા દૂધમંડળીના હોદ્દેદારોની સુમુલમાંથી આવેલી એમ.ટી. રિલીઝ કરાવવા આવેદન

વ્યારા: શ્રી વ્યારા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.ના હોદ્દેદારોના સુમુલમાંથી આવેલા એમ.ટી. હોદ્દેદારોને ન આપી શ્રી વ્યારા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.ના મંત્રી કમલેશભાઈ છોટુભાઈ પટેલે મનસ્વી રીતે સભાસદોની અટકાવી રાખેલી એમ.ટી. રિલીઝ કરાવી આપવા હોદ્દેદારો વતી કલેક્ટરને આવેદન આપવામાં આવ્યું હતું. સાથે જણાવ્યું હતું કે, દૂધમંડળીના મંત્રી કમલેશભાઇ છોટુભાઈ પટેલ દ્વારા સુમુલમાંથી એમ.ટી. આવી ગઇ છતાં મનસ્વી રીતે સભાસદોની એમ.ટી. અટકાવી રાખી છે. સભાસદોને એમ.ટી. રિલીઝ કરતા નથી. હાલ નવરાત્રિ ચાલી રહી છે. દશેરા તથા દિવાળીનો તહેવાર નજીકના દિવસોમાં આવી રહ્યો છે. ત્યારે દરેક સભાસદોનો પૂરા પરિવારનો આધાર દૂધમંડળીમાંથી આવતા પગાર ઉપર નિર્ભર હોવાથી મંત્રીના મનસ્વી વર્તનથી ભૂખે રહેવાનો વારો આવ્યો છે.

### તાપી જિલ્લાના કર્મચારીઓએ ભારત વિકાસની પ્રતિજ્ઞા લીધી



વ્યારા: વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના ૧૪મા મુખ્યમંત્રી તરીકે તા. ૭ ઓક્ટોબર, ૨૦૦૧ ના દિવસે શપથ લઈને રાજ્યની વિકાસ યાત્રાની બાગડોર સંભાળી હતી. તેમના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતની ૨૦૦૧થી ૨૦૧૪ અને ૨૦૧૪થી સમગ્ર ભારતની ૨૩ વર્ષની સર્વગ્રાહી વૈશ્વિક વિકાસ યાત્રાની સફળતાની ગાથામાં જન ભાગીદારીને જોડીને તા.૭થી ૧૫ ઓક્ટોબર-૨૦૨૪ સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના ભાગરૂપે તાપી જિલ્લા કલેક્ટર કચેરી સહિતના જિલ્લાના વિવિધ વિભાગો દ્વારા ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. જિલ્લામાં જિલ્લા પંચાયત, પોલીસ અધિક્ષકની કચેરી, મદદનીશ કમિશનર કચેરી, તિજોરી કચેરી, સમાજ કલ્યાણ અધિકારીની કચેરી, એસ.ટી વિભાગ, પાણી પુરવઠા કચેરી, માર્ગ અને મકાન વિભાગ, વ્યારા- સોનગઢ નગરપાલિકા ઉપરાંત જિલ્લામાં આવેલી મુખ્ય કચેરીઓ દ્વારા ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

### ભરૂચ પોલીસ પરિવાર દ્વારા આયોજિત ગરબીમાં મહિલાઓ માથા ઉપર ગરબી લઈને ઘૂમી



ભરૂચ: ભરૂચ શહેરના હોસ્ટેલ ગ્રાઉન્ડ પર પોલીસ વેલફેર સોસાયટી દ્વારા સેફ એન્ડ સિક્યોર પાંચમા નવરાત્રિમાં પોલીસ પરિવાર દ્વારા પ્રાચીન પરંપરાને જીવંત રાખવાના ધ્યેય સાથે મહિલાઓ માથે ગરબી લઈને ગરબા રમ્યા હતા. હોસ્ટેલ ગ્રાઉન્ડ પર રોજ અવનવા ચણીયાચોળી અને કેદિયા અને માથે પાઘડી પહેરી માતાજીની ભક્તિ કરાઈ રહી છે. ગતરોજ પાંચમા નોરતે પીએસઆઈ વૈશાલી આહીર અને તેમની ટીમ દ્વારા હાલના મોબાઈલ અને સોશિયલ મીડિયાના યુગમાં વીસરાતી સંસ્કૃતિને જીવંત રાખવાનો અનોખો પ્રયાસ કરાયો હતો.

# નાની નરોલીમાં બે સુરક્ષા જવાન પર ટોળાનો હુમલો

**ભેંસો** ભરેલી ટ્રકને અટકાવી પોલીસ-હોમગાર્ડ તપાસ કરીને જતા હતા, એ વેળા જ બાઇક ટ્રક પાછળ ભટકાતાં યુવાનનું મોત થયું

**લોકોને** ગેરસમજ થતાં પોલીસ ઉપર તૂટી પડી, બોલેરો ગાડી પર હુમલો

**10** આરોપીને ડિટેઇન કરાયા, 13ને વોન્ટેડ જાહેર કરાયા

વાંકલ: માંગરોળના નાની નરોલી ગામના પીએસસી નજીક રસ્તા પરથી અબ્દુલ ઈકબાલ એહમદજી અને તેમના પાર્ટનર સોમેલ અહમદ મુલ્લા (રહે.,નાની નરોલી) સાથે ભેંસોના વેપાર માટે ટ્રક નં.(GJ 15,AV 8018) ભરાવી મહારાષ્ટ્ર વેચાણ માટે લઈ જતા હતા. એ સમયે માંગરોળ પોલીસ સ્ટેશનની ગાડી ડીઝલ ભરાવી નીકળી હતી. દરમિયાન માંગરોલ પોલીસે હાથ ઊંચો કરી ટ્રક ઊભી રખાવી હતી. ડ્રાઈવરે પાર્કિંગ લાઈટ ચાલુ કરી ઊભી કરી હતી. ટ્રકની તાડપત્રી હટાવી ચેક કરી હતી. ચેક કરવા માટે દસ મિનિટનો સમય લીધો હતો. દરમિયાન પોલીસ બોલેરો વાન તરફ જતી હતી. એ દરમિયાન અચાનક જોરથી ભટકાવાનો અવાજ આવતાં બંને પોલીસકર્મીએ એ જોતાં ગામનો સુલેમાન સાજીદ સિદાત (ઉં.વ.આશરે 15) (રહે.,નાની નરોલી, આંધી ફળિયું) બાઈક નં.(GJ 19,AR 7729) પૂરઝડપે ચલાવી પાછળના ભાગે ભટકાતાં તડકેશ્વરની શિફા હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં સારવાર દરમિયાન સુલેમાનનું મોત નીપજ્યું હતું. દરમિયાન લોકોમાં ગેરસમજ ઊભી થતાં ટોળાએ છૂટા પથ્થરો અને ટોમીથી પોલીસની બોલેરો પર હુમલો કર્યો હતો.

સરકારી બોલેરો ગાડીના કાચ તોડી નાંખી અંદાજે રૂ.2500નું નુકસાન પહોંચાડ્યું હતું. પોલીસકર્મી હિરેન ચૌધરી પર હુમલો કરી આંખની નીચેના ભાગે ઈજા પહોંચાડી હતી.

ઉપરાંત તેમનો 10,000 રૂપિયાનો મોબાઈલ ફોન પણ તોડી નાંખ્યો હતો. સાથે જીઆરડી જવાન પર પણ હુમલો કરાયો હતો. સવારે 11 વાગ્યાના સમયગાળા દરમિયાન માંગરોળ પોલીસે 10 જેટલા શકમંદ આરોપીને ઝડપી પાડી ડિટેઈન કરાયા હતા અને તેર જેટલા આરોપીને વોન્ટેડ જાહેર કરાયા હતા. પોલીસે ફરજમાં રૂકાવટ અને હુમલાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




વિનોદ મૈસુરીયા

#### આ આરોપીને ડિટેઇન કરાયા

સલમાન સીરાજ ગંગાત-નાની નરોલી, આરીફ સીરાજ અવાત-નાની નરોલી, સલમાન હમીદ મલેક-નાની નરોલી, અબરાર શોએબ લીંબાડા-નાની નરોલી, અલ્તાફ અબુબકર લીંબાડા-નાની નરોલી, સાબીર હુસેન આંધી-નાની નરોલી, ઈમરાન ફારૂક મલેક-નાની નરોલી, જુબેર ઉમર ફારૂક બદાત-નાની નરોલી, રીઝવાન ફારૂક આંધી-નાની નરોલી, તોસીફ ફારૂક આંધી-નાની નરોલી

#### વોન્ટેડ આરોપીઓ

સિરાજ અહમદ ભોરાત, ઇસ્માઇલ અહમ ભોરાત, મોહસીન અહમદ ભોરાત, શાહરૂખ ભુલા, પરમાર વેલ્ડિંગવાળો, નવાઝ મિશ્રી, મુસા ગોરા અસાલજીતર, ઇમરાન અહમદ બદાત ઉર્ફે આર.ઓ પ્લાન્ટ, ફરહાન છોટા દિવાન, ઇક્વાસ બકર લુલાત, હાસીમ અહુબ લુલાત, શેહજાદ શબ્બીર ભુલા, શોએબ ભોરાત

## મટાવલ ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચના પતિનું ગ્રામજનો સાથે અભદ્ર વર્તન!

**'હું** જ સરપંચ છું' કહી લોકોને ધાકધમકી આપી ગેરવર્તણૂક, મામલતદાર અને ટીડીઓને રજૂઆત



વ્યારા: કુકરમુંડા તાલુકાના મટાવલ ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચના પતિએ ગ્રામજનો સાથે અભદ્ર વર્તન કરતાં મંગળવારે કુકરમુંડા મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીને ગ્રામજનોએ લેખિત રજૂઆત કરવામાં આવી છે. આ પંચાયતના સરપંચ ભારતીબેન ઉપેન્દ્રભાઈ છે, પરંતુ ગ્રામ પંચાયતનો તમામ વહીવટ તેનો પતિ ઉપેન્દ્રભાઈ કરતો હોય અને પોતે સરપંચ છે એવું લોકોને બતાવી ધાક ધમકી આપતો હોવાનો આરોપ મૂકી આ સરપંચના પતિ વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી કરવા મામલતદાર અને ટીડીઓને ગ્રામજનોએ લેખિત રજૂઆત કરી હતી. ગ્રામજનોએ જણાવ્યું હતું કે, ગ્રુપ ગ્રામ પંચાયતના લોકો જ્યારે પણ કામ અર્થે પંચાયત ઓફિસમાં જાય છે ત્યારે સરપંચનો પતિ ગ્રામજનો સાથે અભદ્ર વર્તન કરે છે. ગત તા.6/10/2024ના રોજ મટાવાલ ગામે સતત ત્રણ દિવસ સુધી દીપડાની અવરજવર રહેતા ગામમાં પાંજરું મૂકવા ગામ લોકોએ અરજી કરવાની થતી હોય, સરપંચ અને તલાટીને ઉદ્દેશીને અરજી કરવામાં આવી હતી. ફોરેસ્ટ ઓફિસમાં સરપંચના લેટરપેડ સાથે અરજી કરવા જણાવ્યું ન હતું. છતાં ગ્રામજનો દ્વારા ગ્રામ પંચાયતના પ્રથમ નાગરિક તરીકે સરપંચની સલાહ સૂચન તેમજ અરજી અનુસંધાને રેન્જ ફોરેસ્ટથી પાંજરાની વ્યવસ્થા કરવા ગયા હતા.

### કામરેજથી મોબાઈલ ટાવરનાં કાર્ડ ચોરી કરનારા બે આરોપી ઝડપાયા

પલસાણા: સુરત જિલ્લા એલસીબીની ટીમને બાતમી મળી હતી કે, કામરેજ પોલીસ સ્ટેશનની હદમાં ઈન્ડસ કંપનીના મોબાઈલ ટાવર ઉપરથી કીમતી કાર્ડની ચોરી થઈ છે. જે ચોરી રવિકુમાર રાજપૂત અને તેના મિત્ર અંશુલકુમારે કરી હતી. આ બંને ચોરી કરવા માટે ઉપયોગમાં લીધે કાર નં.(જીજે 5 સીડબ્લ્યૂ 7190) લઈને કેનાલ રોડ પરથી પસાર થઈ ને.હા. નં.48 પર જનાર છે. જે બાતમીના આધારે એલસીબીએ વોચ ગોઠવી રવિકુમાર રામપ્રકાશ રાજપૂત (રહે., ગોદાદરા, સુરત, મૂળ રહે., ઓરૈયા, (ઉત્તરપ્રદેશ) અને અંશુલકુમાર સતિષચંદ્ર (રહે., સુમનકુંજ સોસાયટી, ડભોલી રોડ, કતારગામ સુરત, મૂળ રહે., જવાગાવ, અલીગંજ, (ઉત્તરપ્રદેશ)ની ધરપકડ કરી હતી. બંને આરોપી કંપનીમાં ફિલ્ડ મેઈન્ટેનન્સ એન્જિનિયર તરીકે કામ કરે છે. પોલીસે તેમની પાસેથી એક કાર કિં.રૂ. 3 લાખ અને ત્રણ મોબાઈલ ફોન કિં. રૂ.15 હજાર મળી કુલ 3.15 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

### પાટીમાં બે બાઈક અથડાતાં એકનું મોત

વ્યારા: ડોલવણના પાટી ગામમાં બે બાઈક વચ્ચે અકસ્માત થતાં એકનું મોત થયું હતું.

ડોલવણના કણધા રોડ પાટી ગામની સીમમાં ભાણપુર ફળિયામાંથી જતા રોડ ઉપર તા.૭/૧૦/૨૦૨૪ના રોજ હીરો હોન્ડા મો.સા. નં.(GJ-21-H-2593) અને હોન્ડા ડ્રીમ યોગા મો.સા.નં.(GJ-26-F-3245) સાથે ભટકાતાં હોન્ડા ડ્રીમ મો.સા.ના ચાલક રમેશ ગના ગામીત (રહે.,પાટી ગામ, ગેંગડી ફળિયું, તા.ડોલવણ) ના મોં તથા શરીરે ગંભીર ઈજા થતાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પોલીસે આ મામલે હીરો હોન્ડા મો.સા. નં.(GJ-21-H-2593) ના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## ખોલવડમાં 3 મિત્રને સોસાયટીની બહાર બોલાવી લાકડી અને પાઈપ વડે હુમલો

**'તારા** ભાઈ વિરલને સમજાવી દેજે કે વચ્ચે આવે નહીં' કહી માર મારતાં વિવાદ

કામરેજ: મૂળ ગીર સોમનાથના મોરૂકાગીરના વતની અને હાલ ખોલવડની અમૃતકુંજ સોસાયટીમાં કે-2-202માં સ્મીત હરસુખ બોદર (ઉં.વ.24) રહે છે. સોમવારે રાત્રે 10 કલાકે સ્મીત મિત્ર વિવેક મુકેશ ત્રિવેદી સાથે સોસાયટી ચાલતા ગરબામાં હતો. ત્યારે સોસાયટીમાં જ રહેતા અભિષેક લશ્કરીએ સ્મીતને ફોન કરી રાહુલને મારવાનો છે. તારા ભાઈ વિરલને સમજાવી દેજે કે વચ્ચે આવે નહીં. નહીંતર તારા ભાઈને પણ મારીશ તેમ કહેતાં અભિષેક સાથે સમાધાનની વાત કરતાં સોસાયટીના પાછળના ગેટ આગળ સમાધાન માટે સ્મીત, નાનો ભાઈ વિરલ, મિત્ર વિવેક સાથે ગયા હતા. અભિષેકને પૂછતા જણાવ્યું હતું કે, તારો ભાઈ જ્યાં ત્યાં વચ્ચે પડે છે તેને સમજાવી દેજે. નહીંતર જીવતો નહીં રહેવા દઉં કહી ગાળો બોલી થપ્પડ મારી દેતાં માથાકૂટ થતાં સોસાયટીમાં રહેતાં લોકોએ વચ્ચે પડી મામલો થાળે પાડ્યો હતો. બાદ મોડી રાત્રે 12.30 કલાકે ગરબાની આરતી પતાવી મિત્રો સાથે સ્મીત બેઠો હતો. ત્યારે બહારથી અભિષેક લશ્કરી, રાહુલ, નિમેષ સોરઠિયા તથા અન્ય પાંચેક ઈસમ હાથમાં લાકડાના સપાટા, પાઈપ લઈ આવી સ્મીત પાસે આવી માર મારવા લાગ્યા હતા.

સ્મીતને જમણા હાથની કોણી, પગ પર લાકડાં તેમજ પાઈપના સપાટા માર્યા હતા. આથી સોસાયટીના લોકો ભેગા થઈ જતાં મારવા માટે આવેલા તમામ નાસી છૂટ્યા હતા. જે અંગે કામરેજ પોલીસમથકમાં સ્મીતે ફરિયાદ નોંધાવી હતી.

## જૂની પેન્શન યોજનાને મંજૂરી મળતાં સુરત જિલ્લાના શિક્ષણ આલમમાં આનંદની લહેર

**જિલ્લાના** તાલુકા ઘટક સંઘો દ્વારા આનંદભેર સરકારના મહત્ત્વપૂર્ણ નિર્ણયને વધાવવામાં આવ્યો

સાયણ: ગુજરાત સરકાર દ્વારા તા.1/4/2005 પહેલાં નિમણૂક પામેલ 60 હજારથી વધુ કર્મચારીને કેબિનેટ બેઠકમાં જૂની પેન્શન યોજનાની સૈદ્ધાંતિક સ્વીકૃતિ આપવામાં આવતાં સુરત જિલ્લાના શિક્ષણ આલમમાં આનંદની લહેર પ્રસરી ગઈ હતી. જિલ્લાનાં લાભાન્વિત તમામ શિક્ષકોના પરિવાર માટે જાણે અત્યારથી જ દિવાળી જેવો માહોલ સર્જાયો છે.

ઘણા લાંબા સમયગાળાના વિવિધ આંદોલનાત્મક કાર્યક્રમો બાદ સફળતાની ઉજવણી કરવા જિલ્લાનાં તમામ તાલુકા મથકોએ જે-તે તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શાળા સમય બાદ વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની પ્રેરણા થકી જે-તે તાલુકા ઘટક સંઘના બેનર હેઠળ હોદ્દેદારો સહિત લાભાન્વિત શિક્ષક ભાઈ-બહેનોએ પોતપોતાના તાલુકામથકે એકત્ર થઈને એકબીજાનું મોં મીઠુ કરાવી ગુજરાતની સંવેદનશીલ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. આ તકે સૌએ સૂત્રોચ્ચાર સાથે ફટાકડા ફોડી, ગરબાની રમઝટ બોલાવી સફળતા અંગેની ખુશી વ્યક્ત કરી હતી.

આ સંદર્ભે સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ કિરીટભાઈ પટેલ તથા મહામંત્રી અરવિંદભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, લડતની લાંબી મજલ બાદ આપણને જે સફળતા મળી છે તેનો શ્રેય સંઘના તમામ બાહોશ અને જાગૃત શિક્ષક ભાઈ-બહેનોને ફાળે જાય છે. તેમણે ઉમેર્યુ હતું કે સરકારના આ આવકારદાયક નિર્ણયથી ઓલપાડ તાલુકામાં 126, મહુવામાં 157, ઉમરપાડામાં 72, પલસાણામાં 137, ચોર્યાસીમાં 35, માંડવીમાં 102, માંગરોલમાં 164, કામરેજમાં 93 તથા બારડોલી તાલુકાના 96 મળી કુલ 982 શિક્ષક ભાઈ-બહેનો લાભાન્વિત બન્યા છે. જે આનંદની વાત છે. આ તકે તેમણે વર્ષ 2005 પછી નિયુક્ત શિક્ષકો માટે સરકાર હકારાત્મક વલણ અપનાવશે એવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

### અંકલેશ્વરના ભડકોદ્રામાં મિત્ર પાસેથી ખરીદેલી ચોરીની બાઈક પર ફરનારો ઝડપાયો

અંકલેશ્વર: ભડકોદ્રામાં મિત્ર પાસેથી ખરીદેલી ચોરીની બાઈક પર ફરનારો ઝડપાયો હતો. ભરૂચ એસ.ઓ.જી. નો સ્ટાફ અંકલેશ્વર જી.આઈ.ડી.સી. માં પેટ્રોલિંગમાં હતો. એ દરમિયાન બાતમી મળી હતી કે, જયપુરના કરધની પોલીસમથકમાં વાહન ચોરીના ગુનામાં સંડોવાયેલો અને પટેલ પાર્ક એપાર્ટમેન્ટમાં રહેતા શ્રવણલાલ જગદીશ ગુજ્જર ગુજરાત પાસિંગની નંબર પ્લેટ લગાવી જી.આઈ.ડી.સી. માં ફરે છે. આ બાતમીના આધારે પોલીસે અંકલેશ્વરના ભડકોદ્રાની મંગલમ સોસાયટી પાસે વોચ ગોઠવી ઝડપી લીધો હતો. તેણે આ બાઈક રાજસ્થાનના આસિન્દ ભીલવાડા ખાતેથી તેના મિત્ર પાસેથી રૂ.21 હજારમાં ખરીદી કરી હોવાની કબૂલાત કરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### પાસોદરા પાટિયાના આધેડે દેવું થઈ જતાં અનાજમાં નાંખવાની દવા પી લીધી

કામરેજ: મૂળ ભાવનગરના લીમડા અને હાલ કામરેજના નવાગામમાં પાસોદરા પાટિયા પાસે આવેલી સ્ટારધર્મ રેસિડન્સીમાં ફ્લેટ નં.એફ 02-201માં રહી જમીન મકાનની દલાલી કરતા અશોક મુળજી સોલંકી (ઉં.વ.56)ને માથે દેવું થઈ જતાં તેઓ માનસિક તાણમાં રહેતા હતા. બાદ ઘરેથી ચાલ્યા ગયા હતા. બીજા દિવસે રાત્રે અશોકભાઈ દાદા ભગવાન મંદિરની આગળ અનાજમાં નાંખવાની દવા પી ગયા હતા. સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરતા અશોકભાઈ હાલ બેભાન અવસ્થામાં છે. જે અંગે કામરેજ પોલીસે જાણવાજોગ ફરિયાદ લઈ વધુ તપાસ હાથ ધરી છે.

### ઇંટવાઈ ગ્રુપ ગ્રામ પંચાયતના સભ્યને ત્રીજું સંતાન થતાં ગેરલાયક ઠેરવવા ફરિયાદ

વ્યારા: ઈંટવાઈ ગ્રુપ ગ્રામ પંચાયતના વોર્ડ નં.૧૨માં ચુંટાયેલા સભ્ય બળવંત ગિરધરભાઇ વળવીને ત્રીજું સંતાન હોવાથી તેઓને પંચાયતનાં સભ્ય પદેથી દૂર કરવા ટીડીઓને બળવંત વળવીએ ફરિયાદ કરી જણાવ્યું છે કે, ગ્રામ પંચાયતના સભ્યો જે વોર્ડ નં.૧૨ માં ઉમજા ગામેથી ચુંટાયા હતા અને તેઓ હાલ ઇંટવાઈ ગ્રુપ ગ્રામ પંચાયતના ઉપસરપંચ છે. બળવંત વળવીએ ઉમેદવારી કરી હતી ત્યારે તેઓના બે પુત્ર હતા. પરંતુ હાલમાં ઉપસરપંચના હોદ્દા પર કાર્યરત હોવા છતાં તેમની પત્નીએ તેમના કુખે ત્રીજા બાળકને જન્મ આપ્યો છે. જેથી વોર્ડ નં.૧૨ના સભ્ય સરકારના કાયદા હેઠળ ગેરલાયક ઠરતો હોવાનું જણાવ્યું છે.

### પલસાણામાં ટેમ્પો અડફેટે અજાણ્યાનું મોત

પલસાણા: પલસાણા આઇટીઆઇની સામે ધુલિયાથી હજીરા જતાં ને.હા.નં.53 પર રોડ ક્રોસ કરી રહેલા 35થી 40 વર્ષના અજાણ્યા યુવકનું પૂરપાટ ઝડપે જઈ રહેલા ટેમ્પો અડફેટે મોત નીપજ્યું હતું. પોલીસે આ અંગે અકસ્માત મોતની નોંધ કરી વાલીવારસની શોધખોળ હાથ ધરી છે.

### ગુણસદાના બંગલી ફળિયામાંથી બાઇક ચોરાઈ

વ્યારા: ગુણસદામાં બંગલી ફળિયામાં ગત તા.૩૦/૯/૨૦૨૪ના રોજ જે.કે પેપરમિલમાં કામ કરી ઘરે પરત આવેલા વિપુલ ગેમના ગામીત રાત્રે સવા દસ વાગ્યે હીરો સ્પ્લેન્ડર પ્લસ નં.(GJ-26-AD-6539) કિં.રૂ.૪૯,૫૦૦ કોઇ અજાણ્યો ચોર ચોરી ગયો હતો. આ અંગેની ફરિયાદ પોલીસમથકે વિપુલ ગામીતે નોંધાવી છે.

### ભરૂચનો ફરાર કેદી અમદાવાદથી ઝડપાયો

ભરૂચ: ભરૂચ સબજેલમાં સજા ભોગવતો પાકા કામનો કેદી ઉપેન્દ્રકુમાર રાજકુમાર શર્મા ગત તા.૩જી ઓગસ્ટ-2023 ૧૦ દિવસના પેરોલ પર સજા મુક્ત થયો હતો. રજા પૂર્ણ થતાં જેલમાં હાજર થયો ન હતો. જેને લઈ ભરૂચ SOGએ તેમના અમદાવાદ શહેરમાંથી ઝડપી પાડી ભરૂચ સબજેલના હવાલે કર્યો હતો.

### સોનગઢમાં છ વર્ષથી વોન્ટેડ આરોપી ઝડપાયો

વ્યારા: સોનગઢમાં એલસીબીએ બાતમીના આધારે સોનગઢ આરટીઓ પાસેથી સોનગઢમાં ચોરીના ગુનામાં સંડોવાયેલા મુકેશ બાબુ કસવાલા (ઉં.વ.૪૧) (હાલ રહે., ઇ-૧૧૦૪, રિવર હેવન, શ્યામધામ મંદિર પાસે, કામરેજ, મૂળ રહે.,રાજુલા ભેરાઇ રોડ, તા.રાજુલા, જિ.અમરેલી)ને તા.૮/૧૦/૨૦૨૪ના રોજ અટકાયત કરી હતી. જેને આગળની વધુ કાર્યવાહી માટે સોનગઢ પોલીસને સોંપ્યો છે.

### ચલથાણથી મહિલા ગુમ થતાં પોલીસ ફરિયાદ

પલસાણા: ચલથાણના અંબિકાનગરમાં રહેતી અને મૂળ મહારાષ્ટ્રના ધુલિયાના સીંદખેડાના વરસી ગામની મનીષા મનોજ કુમાવત (ઉં.વ.29) તા.30 સપ્ટેમ્બરે સવારે 5 વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી ગુમ થઈ ગઈ હતી. આ બાબતે કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં મહિલા ગુમ થયાની ફરિયાદ નોંધાઈ હતી.

### અંકલેશ્વરની ચાણક્ય વિદ્યાલયમાં બિઝનેસ ઇવેન્ટની ઉજવણી કરવામાં આવી

અંકલેશ્વર: અંકલેશ્વરની ચાણક્ય વિદ્યાલય ખાતે બિઝનેસ ઇવેન્ટની ઉજવણી કરાઈ હતી, જેમાં ધોરણ 11 અને 12 કોમર્સના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રકારનાં ફૂડના કુલ 41 સ્ટોલ ઊભા કરાયા હતા.

### આમોદના ઈટોલાના યુવાને ફાંસો ખાધો

ભરૂચ: આમોદના ઈટોલામાં રહેતા જયેશ રમણ રાઠોડ (ઉં.વ.૨૩) વાગરાની વિલાયત જી.આઈ.ડી.સી.માં કોન્ટ્રાક્ટમાં કામ કરી જીવન ગુજરાન ચલાવતો હતો. જેણે મંગળવારે રોઝા ટંકારિયા ગામે કપાસના ખેતરમાં સમડીના વૃક્ષ ઉપર ફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું હતું.

### તા.9મીએ બારડોલીમાં વીર નર્મદ યુનિવર્સિટીની ક્રિકેટ ટીમની પસંદગી થશે

બારડોલી: તા.૭-૧૧-૨૦૨૪થી તા.૧૪-૧૧-૨૦૨૪ દરમિયાન જયપુર (રાજસ્થાન) મુકામે યોજાનારી ઓલ ઇન્ડિયા (વેસ્ટ ઝોન) ઇન્ટર યુનિવર્સિટી ક્રિકેટ (બહેનો) સ્પર્ધા માટે વીએનએસજીયુની ટીમ પસંદગીનું આયોજન પી.આર.બી.આટ્ર્સ એન્ડ પી.જી.આર કોમર્સ કોલેજ, બારડોલી દ્વારા નિરુબા ક્રિકેટ ગ્રાઉન્ડ, બારડોલી-મહુવા રોડ, બમરોલી મુકામે તા.૯-૧૦-૨૦૨૪ના રોજ કરાયું છે.

### બારડોલીની બી.એ.બી.એસ. હાઈસ્કૂલનું ગૌરવ



બારડોલી: તા.૭/૧૦/૨૪ ને સોમવારે કુમારશાળા બારડોલી મુકામે ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરાયું હતું. વિભાગ-૨માં બી.એ.બી.એસ. હાઈસ્કૂલ પ્રાથમિક વિભાગ ગુજરાતી માધ્યમના ધો.૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થી રચિત પાઠક અને ભવ્યા રાણાએ કૃતિ રજૂ કરી હતી. જે પ્રથમ ક્રમ મેળવી તાલુકા કક્ષાએ ભાગ લેશે. માર્ગદર્શન આપનાર શાળાના ગણિત-વિજ્ઞાન શિક્ષિકા વૈભવીબેન ચાવડા અને પ્રજ્ઞાબેન મિસ્ત્રી તથા સમગ્ર વિજ્ઞાન શિક્ષક અને વિદ્યાર્થીઓને સંચાલક મંડળ, ડો.વ્યોમભાઈ પાઠક, હસુભાઈ પટેલ અને આચાર્ય સુમનભાઈ મિસ્ત્રીએ શુભેચ્છાઓ પાઠવી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

### ભગવદ્ ગીતાનો ધો.૬,૭,૮ના અભ્યાસક્રમમાં સમાવેશ કરવા તાપી કલેક્ટરને રજૂઆત



વ્યારા: રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વરિષ્ઠ પ્રચારક અને ગંગા સમગ્રના રાષ્ટ્રીય સંગઠન મંત્રી રામાશિષજીના માર્ગદર્શનથી ગુજરાત પ્રાંતના અને રાષ્ટ્રીય સંયોજક અરુણસિંહ રાજપૂત, ગુજરાત પ્રાંતનાં સંગઠન મંત્રી પ્રકાશભાઈ યાદવ અને ગુજરાત પ્રાંતના ગંગા સમગ્રનાં મહિલા પ્રમુખ નીતુબેન ખેમાણીના માર્ગદર્શનમાં તા.૭/૧૦/૨૦૨૪ના રોજ તાપી જિલ્લા કલેક્ટરને શ્રીમદ્ ભગવદ્ ગીતાનો શિક્ષણમાં ધો.૬,૭,૮ના અભ્યાસક્રમમાં કાયમી સમાવેશ કરી ભણાવવામાં આવે એવું સમર્થનપત્ર આરએસએસ પ્રકોષ્ઠ ગંગા સમગ્ર તાપી પ્રાંત દ્વારા આપવામાં આવ્યું હતું.